સુવિચાર : સાધના શ્રમવિહીન હોય છે.. કારણ કે એમાં 'કરવા જેવું' કશું નથી હોતું.. ઉલ્ટાનું કશું જ 'ન કરવાનું' એ જ સાધના હોય છે - જ્ઞાનસૂત્ર



જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતિ હજુ વિકટ

Page-6

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧ ૧ એપ્રિલ, ૨૦૧૫, બુધવાર ; ચૈત્ર સુદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિધાનસભામાં આતંકવાદ વિરોધી બિલ પસાર

## વિવાદાસ્પદ જોગવાઈને લઇને ગૃહમાંથી કોંગ્રેસનો વોકઆઉટ : ફેરવિચારણા કરવા અગાઉ ગુજકોક બિલને રાષ્ટ્રપતિએ ત્રણ વખત પરત મોકલી દીધું હતું : ઘણી બધી કઠોર જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો

ગાંધીનગર,તા. ૩૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત વિધાનસભામાં વિવાદાસ્પદ કન્ટ્રોલ ઓફ ટેરિરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ બિલ (જીસીટીઓસી)ને બહુમતિ મતથી પસાર કરી દેવામાં આવ્યો હતો. આ બિલમાં ઘણી બધી જોગવાઈ ઉમેરવામાં આવી છે જેમાં પોલીસને ટેલિફોનિક વાતચીત નોંધવા અને આંતરી લેવા સહિતની સત્તા પોલીસને આપવામાં આવી છે. સાથે સાથે પુરાવા તરીકે આને રજૂ કરવાની સત્તા આપવામાં આવી છે. આ બિલને અગાઉ ત્રણ વખત રાષ્ટ્રપતિએ પરત રાજ્ય સરકારને મોકલી દીધું હતું. ફેરવિચારણા માટે ત્રણ વખત આ બિલ પરત મોકલવામાં આવ્યું હતું. વિરોધ પક્ષ કોંગ્રેસ તરફથી જોરદાર વિરોધ વચ્ચે આને બહુમતિ મતથી પસાર કરવામાં આવ્યો હતો. તેની વિવાદાસ્પદ જોગવાઈને લઈને ગૃહમાંથી કોંગ્રેસે વોકઆઉટ કર્યો હતો. રાજ્ય સરકારે આને નવું નામ આપ્યા બાદ વિધાનસભામાં ગુજરાત કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ બિલ ફરી રજૂ કર્યું હતું. આ બિલમાં વિવાદાસ્પદ જોગવાઈઓને જાળવી રાખવામાં આવી છે. બિલની વિવાદાસ્પદ અને જટિલ જોગવાઈમાં ટેલિફોનિક વાતચીત મારફતે એકત્રિત કરવામાં આવેલા પુરાવાનો સમાવેશ થાય છે. સાથે સાથે કોર્ટમાં પુરાવા તરીકે પોલીસ અધિકારીઓ સમક્ષ જુબાની પણ લઈ શકાશે. આ બિલ કઠોર મહારાષ્ટ્ર કોન્ટ્રલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (મકોકા)ની જેમ લવાયો હતો પરંતુ તત્કાલિન રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ અને ત્યારબાદ પ્રતિભા પાટીલે આ બિલને પરત મોકલી દીધું હતું. ૨૦૦૪ અને ૨૦૦૮માં અબ્દુલ કલામે આ બિલ પરત કર્યું હતું. આ બિલમાં કઠોર જોગવાઈમાં અન્ય બાબતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેન્દ્રમાં હવે નરેન્દ્ર મોદી સરકાર આવી ગઈ છે અને આ સરકાર બહુમતિ ધરાવે છે. રાજ્યના ગૃહમંત્રી રજનીકાંત પટેલે નિવેદનમાં કહ્યું છે કે, બિલમાં ઘણી બધી જોગવાઈને સાવધાનીપૂર્વક તૈયાર કરવામાં આવી છે. ગુજરાતમાં આર્થિક પ્રગતિ ઝડપથી થઈ રહી છે ત્યારે આતંકવાદનો ખતરો પણ રહેલો છે. ગુજરાત ૧૬૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે અને પાકિસ્તાન સાથે ૫૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. ગુજરાતમાં અનેક આતંકવાદી હુમલા થઈ ચુક્યા છે. જેમાં અક્ષરધામ ઉપર આતંકવાદી હુમલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરમાં પણ હુમલો કરાયો હતો. તમામ હકીકતોને ધ્યાનમાં લઈને તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ બિલ રજૂ કર્યું હતું પરંતુ અગાઉની યુપીએ સરકારે બિલને ફગાવી દીધું હતું.

# એડવાન્સ કરદાતાઓને મનપા વળતર આપશે

## સરકારના સહયોગથી શહેરી બસ સેવા શરૂ કરવા મનપા સ્થાયી સમિતિની બેઠકમાં હકારાત્મક વલણ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સતત બીજા વર્ષે પણ એડવાન્સ ટેક્સ ભરનારાઓ માટે ૧૦ ટકા રિબેટની યોજના ચાલુ રાખવાનો નિર્ણય આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં આ મહત્વના નિર્ણય ઉપરાંત શહેરમાં ટ્રાન્સપોર્ટ સેવા શરૂ કરવામાં સરકારના સહયોગ માટેની સંમતિ પણ આપવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાના રિસર્વેની કામગીરી થવાની છે તે વર્ષે જ વધુ એક વર્ષ માટે એડવાન્સ ટેક્સ ભરનારાઓને વળતર આપવાની યોજના ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.


મિલ્કત વેરાની ૪૯ કરોડ જેટલી રકમની બાકી વસુલાત છે. આ ઉપરાંત નવા સફાઈવેરાના દર અમલી પણ થઈ જઈ રહ્યા છે. ત્યારે સત્તાવાળાઓએ એકાએક આ મહત્વનો નિર્ણય કર્યો છે.

ગત વર્ષે પણ એડવાન્સ ટેક્સ

● અનુસંધાન પાન-૭ પર



ઈફેક્ટ ૩૧મી માર્ચ - સરકારી કચેરીઓમાં મોડીરાત સુધી ધમધમાટ






(તસવીર : દિપક જાની)




# ગિફટસીટી પાછળ પાંચ વર્ષમાં ૬૦૯ કરોડનો ખર્ચ થઈ ચુકયો છે

## પ્રધાનમંત્રીના ડ્રીમ પ્રોજેક્ટનું ૨૦૧૫-૧૬માં પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર નજીક નિર્માણ પામી રહેલ ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સીટી પાછળ છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૬૦૯.૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટનો હજુ પ્રથમ તબક્કો ચાલી રહ્યો છે અને તે ચાલુ નાણાંકીય વર્ષમાં પૂર્ણ થશે.

આ ગિફટ સિટી પ્રોજેકટ પાછળ વર્ષ ૨૦૧૦-૧૧માં રૂ. ૨૫.૨૯ કરોડ, ૨૦૧૧-૧૨માં ૪૪.૯૫ કરોડ, ૨૦૧૨-૧૩માં ૧૪૧.૧૧ કરોડ, ૨૦૧૩-૧૪માં રૂ. ૨૨૪.૦૧ કરોડ અને ૨૦૧૪-૧૫માં રૂ. ૧૭૪.૪૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સર્વિસ ટેક્સનો વધારો આજથી અમલી

ગાંધીનગર, તા. ૩૧

સામાન્ય વ્યક્તિઓને અચ્છે દિનના સપના બતાવીને સત્તા હાંસલ કરનાર ભાજપ સરકારના પ્રથમ સામાન્ય બજેટમાં જાહેર થયેલો સર્વિસ ટેક્સનો વધારો આવતીકાલે તા. ૧લી એપ્રિલથી લાગુ પડશે. મોટાભાગની સેવાઓ અને આવશ્યક ચીજવસ્તુઓ વધુ મોંઘી બનશે. અગાઉથી જ મોંઘવારીમાં પીસાઈ રહેલા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પર મોંઘવારીનો વધુ માર પડશે.

નવા નાણાકીય વર્ષની શરૂઆતથી જ સામાન્ય જનતાના ખિસ્સા કપાવા શરૂ થઈ જશે. સૌ પ્રથમ તો રેલવે નુર ભાડાના ક્લાસીફીકેશનમાં જે ફેરફાર રેલવે બજેટમાં કરાયો છે. તેનાથી ખાદ્યતેલ-કેરોસીન-અનાજ-કઠોળ યુરીયા સહિતની આવશ્યક ચીજોના નુરભાડા ૦.૮ ટકાથી ૧૦ ટકા સુધી વધી જશે. આ ઉપરાંત હાલમાં જે ૧૨.૩૬ ટકા સર્વિસ ટેક્સ લેવામાં આવે છે તે પણ વધીને ૧૪ ટકા થઈ જશે.

રેલવે બજેટમાં મીઠી છુરી જેવી આ કાતર ફેરવવામાં આવી હતી. નુર ભાડામાં સીધી રીતે કોઈ વધારો કરાયો ન હતો પણ રેલવેનાં નુરભાડાનાં જે સ્ટેજ હોય છે તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જેનાથી આવશ્યક ચીજોની હેરફેરમાં નુરભાડા વધી ગયા છે. જે સરેરાશ વધારો આવતીકાલથી તમામ કોમોડીટી પર લાગુ થઈ જશે જેના કારણે ચીજવસ્તુઓ મોંઘી બનશે.

આ ઉપરાંત નાણામંત્રીએ સર્વીસ ટેક્સ જે ૧૨.૩૬ ટકા હતો તે રાઉન્ડ ફીગરમાં ૧૪ ટકા કરી નાખ્યો છે જેનાંથી તમારા તમામ સર્વિસ બીલ જેમાં ટેલીફોન મોબાઈલ ઈન્ટરનેટ

● અનુસંધાન પાન-૭ પર

# ફરીયાદીની ભૂમિકામાં હસમુખ પટેલ આજે કોઈ પણ પોલીસ સ્ટેશને જશે...!

## પોલીસ ગેરવર્તણુંક કરે કે ફરીયાદ લેવામાં આનાકાની કરે તો સાંજે સસ્પેન્શન ઓર્ડર : રેન્જના સાત પોલીસ સ્ટેશનોનું કોન્ફીડેન્શીયલ લીસ્ટ આઈ.જી.એ જાતે તૈયાર કર્યુ

ગાંધીનગર, એપ્રિલ-૧

ગાંધીનગર રેન્જમાં આઈજીપી હસમુખ પટેલનાં પોસ્ટીંગના દિવસથી જ આળસુ અને અસામાજીક તત્વો સાથે સાંઠગાંઠ ધરાવતા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ માં ફફડાટ જોવા મળી રહ્યો છે. ત્યારે રેન્જ આઈજીએ આવતા વેંત શરૂ કરેલી હેલ્પલાઈન બાદ બીજો ધડાકો કરવાની તૈયારીમાં છે. પોલીસ અધિકારી-કર્મચારીઓ અને ખાસ કરીને પીએસઓનાં અરજદાર સાથેનાં વ્યવહારની ચકાસણી કરવાનો નિર્ણય તેમને હેલ્પલાઈનમાં મળેલી વિવિધ ફરિયાદોને ધ્યાને રાખી લેવામાં આવ્યો છે. આજે બુધવારે રેન્જ આઈજી પોતે મનઘડત ફરીયાદ લઈને ફરિયાદીના વેશમાં કોઈ પણ પોલીસ સ્ટેશને પહોંચશે. ગાંધીનગર રેન્જના ચાર જિલ્લાઓમાં સાત પોલીસ સ્ટેશનોની કોન્ફીડેન્શીયલ યાદી હસમુખ પટેલે જાતે તૈયાર કરી છે. પોલીસની ગેરવર્તણુંક કે ફરીયાદ લેવામાં ગલ્લા તલ્લા જણાશે તો સાંજે સસ્પેન્શન ઓર્ડરની તૈયારી સંબંધીત પોલીસે રાખવી પડશે.

ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલે ૧૬ માર્ચે શરુ કરેલી હેલ્પલાઈનમાં ૭૦ જેટલી ફરિયાદો મળી હતી જેમાં મોટા ભાગની દારૂ-જુગાર સંબંધીત હતી તે ઉપરાંત કેટલીક ફરિયાદો પોલીસ અધિકારી-

● અનુસંધાન પાન-૭ પર

